# અયોધ્યામાં ટૂંક સમયમાં ભવ્ય રામમંદિર બનાવીશું : રૂપાણી

મોડાસા, તા.૧૭
અરવલ્લી જિલ્લામાં આજે ભાજપના બાયડ વિધાનસભા પેટા



ચૂંટણીના ઉમેદવાર ધવલસિંહ ઝાલાની જાહેર ચૂંટણી સભાને સંબોધતા રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે ગઈકાલે રામમંદિરની જે સુનાવણી થઈ છે અને સૌને ન્યાયાલય ઉપર ભરોસો છે એટલે હવે રામ મંદિરના નિર્માણના દિવસો દૂર નથી, ટૂંક સમયમાં ભવ્ય રામમંદિર બનાવીશું. રામ મંદિરનું નિર્માણનું સપનું પૂરું કરીને હિન્દુઓના સન્માનમાં આગળ વધવાનું છે એમ પણ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીએ કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે વધુમાં જણાવ્યું કે રામ મંદિર મુદ્દે કોંગ્રેસના રાજમાં આતંકવાદીઓ રાજ કરતા હતા, કોંગ્રેસ કઈ જ કરી શકતી ન હતી, એ કોંગ્રસનું બાયલાપણું હતું. કોંગ્રેસના રાહુલ ગાંધી કયા ફરે છે એની એમની માતાને પણ જાણ હોતી નથી કોંગ્રેસના નેતાઓ પણ મુંઝાયેલા છે.

કોંગ્રેસે ગરીબ ખેડૂતો માટે હંમેશા મગરના આંસુ સાર્યા છે. સાબરકાંઠામાં ખેડૂતોને ગોળીઓ મારવામાં આવી હતી. કોંગ્રેસના મોઢે ખેડૂતોના હિતની વાત સારી લાગતી નથી.

એમણે જાહેરમાં ખેડૂતોને ખાત્રી આપી હતી કે ખેડૂતોની ખેત પેદાશો રાજ્ય સરકાર ટેકાના ભાવે ખરીદશે તેમ જણાવતા સભામાં સૌએ આ મુદ્દે તાળીઓના ગડગડાટ સાથે વધાવી લીધી હતી. રામ મંદિર અંગે મુખ્યમંત્રીએ જ્યારે કહ્યું કે વર્ષો જૂનું સપનું સાકાર થશે ને ભવ્ય મંદિર બનશે ત્યારે પણ સભા મંડપમાં જયશ્રી રામના નારા લગાવી ઉપસ્થિત મેદનીએ ખુશી સાથે ઝૂમી ઉઠી હતી. તેમણે રાજ્ય અને કેન્દ્ર સરકારની અનેકવિધ લોક કલ્યાણની યાજનાઓ અને ઉપલબ્ધીઓને લોકો સમક્ષ મૂકી હતી અને ગરીબ, પછાત લોકોથી લઈ દરેક સમાજ, વર્ગના લોકો માટે, કિસાનો, મહિલાઓ માટે સરકારે અમલી બનાવેલી યોજનાઓનો આંકડાઓ સાથે ચિતાર આપ્યો હતો.

ભાજપના જિલ્લા પ્રમુખ રણવીસિંહ ડાભીએ સાફો પહેરાવીને મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીનું સ્વાગત કર્યું હતું. આ ઉપરાંત સંગઠનના કાર્યકર્તાઓ, વિવિધ સમાજના આગેવાનો, મહિલાઓ વગેરે દ્વારા પણ મુખ્યમંત્રીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. જાહેર સભાનું સુંદર સંચાલન ભાજપના મહામંત્રી અને મોડાસા એપીએમસીના ચેરમેન શામળભાઈ એમ. પટેલે કર્યું હતું.

આ જાહેરસભામાં ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજા, મંત્રી જયેશભાઈ રાદડિયા, સાંસદ દીપસિંહ રાઠોડ, પૂર્વ શિક્ષણ મંત્રી જયસિંહ ચૌહાણ, પ્રદેશ મંત્રી અને પ્રભારી હર્ષદગીરી ગોસ્વામી, જિલ્લા ભાજપ પ્રમુખ રણવીસિંહ ડાભી, ધારાસભ્યો રાજેન્દ્રસિંહ ચાવડા, ગજેન્દ્રસિંહ પરમાર, હિતુભાઈ કનોડિયા, પૂર્વ ધારાસભ્યો વી.ડી. ઝાલા, હીરાજી ડામોર, ભીખીબેન પરમાર, ડૉ મહેન્દ્રભાઈ પટેલ, સાબરકાંઠા



જિલ્લાના ભાજપના પ્રમુખ જે.ડી. પટેલ, અરવલ્લી પૂર્વ પ્રમુખ ભરતસિંહ રહેવર, સાબરડેરીના ચેરમેન શામળભાઈ પટેલ, સાબરડેરીના પૂર્વ ચેરમેન જેઠાભાઈ પટેલ, ગુજરાત સ્ટેટ એગ્રી. માર્કેટ બોર્ડના ડિરેકટર તરીકે બિનહરીફ ચૂંટાયેલા બાયડના ચોઈલાના વતની, બાયડ એપીએમસીના ચેરમેન બાબુભાઈ એમ. પટેલ, મોડાસા એપીએમસી ચેરમેન અને જિલ્લા મહામંત્રી શામળભાઈ પટેલ, જિલ્લા સંઘના અધ્યક્ષ પ્રભુદાસભાઈ પટેલ, જિલ્લા બક્ષી મોરચાના પ્રમુખ ભીખાજી ડામોર, મહામંત્રી એસ.એમ. ખાંટ, ધિમંતભાઈ પટેલ, માલપુર તાલુકા ભાજપના મુકેશસિંહ, બાયડ શહેર પ્રમુખ સ્નેહલભાઈ પટેલ સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## અન્ન સલામતીના કાયદાના અમલીકરણ માટે આજે મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું

વિજયનગર, તા. ૧૭
વિજયનગર તાલુકાના નાગરિકોને અન્ન સલામતી કાયદો ૨૦૧૩ના અમલીકરણ બાબતે વિવિધ મુદ્દા હેઠળ અન્ન સુરક્ષા



અધિકાર અભિયાન સમિતિ વિજયનગર અને આદિવાસી અધિકારી મંચના કન્વીનર બાબુભાઈ સોલંકી, આદિવાસી અધિકારી મંચ પ્રમુખ નિનીમાં કચરાજી વિરજી, ઉપ પ્રમુખ બલાત ઈન્દુબેન એલ, મંત્રી અસારી કાળુભાઈ આર. અને સામાજિક આગેવાનો કાર્યકરો જાગૃત પ્રજાજનો મહિલાઓ દ્વારા મોટી સંખ્યામાં એકત્રીત થઈ વિજયનગર મામલતદાર કચેરીમાં મામલતદાર પી.જી. ચૌહાણને આવેદનપત્ર પાઠવ્યું હતું.

આવેદનપત્રમાં લેખિતમાં જણાવ્યું હતું કે અન્ન સલામતી કાયદો ૨૦૧૩ના અમલીકરણ બાબતે ટ્રાયબલ વિસ્તારમાં અસરકારક રીતે લોકો માહિતગાર થાય અને ગરીબ અભણ લોકોને પણ સલામતી કાયદાની માહિતી હેઠળ અન્ન અધિકાર મળે તેના ઉપર વિશેષ ભાર મૂકી આવેદન પત્ર સ્વરૂપે લેખિતમાં રજૂ કર્યો હતો.

## મુખ્યમંત્રી વિજય રૂપાણીની જીભ લપસી : કોંગ્રેસના શાસનને બાયલાપણાની સરકાર ગણાવી

મોડાસા, તા. ૧૭
સમગ્ર રાજ્યમાં વિધાનસભાની છ પેટા ચૂંટણીનો જંગ ચરમસીમાએ પહોંચ્યો છે ત્યારે આક્ષેપ પ્રતિ આક્ષેપ વચ્ચે શબ્દ યુદ્ધ શરૂ થઈ ગયું છે. બાયડ વિધાનસભા પેટા ચૂંટણીનો જંગ પરાકાષ્ટએ પહોંચ્યો છે. ભાજપ બાયડ વિધાનસભા બેઠક પર જીત મેળવવા રાજ્યના તમામ દિગ્ગજોને મેદાને ઉતારી દીધા છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ અરવલ્લી જિલ્લાના માલપુરમાં જનસભાને સંબોધી જેમાં કોંગ્રેસને આડે હાથ લીધી હતી.




અવલ્લી જિલ્લાની બાયડ વિધાનસભા બેઠક કોંગ્રેસનો ગઢ માનવામાં આવે છે ત્યારે કોંગ્રેસના ગઢમાં ભાજપના દિગ્ગજ નેતાઓએ પ્રચાર પ્રસાર તેજ કરી દીધો છે. આજે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જાતે જ મોર્ચો સંભાળ્યો હતો અને કોંગ્રેસ પર વરસી પડ્યા હતા. તેમણે કોંગ્રેસની નાકામયાબીની વાત કરતા કહ્યું કે, દસ વર્ષના કોંગ્રેસના શાસનમાં આતંકી હુમલા થયા અને એક સો છોત્તેર લોકોના મોત થયા હતા અને અતિરેક ઉત્સાહમાં મુખ્યમંત્રી વિજય રૂપાણીની જીભ લપસી ગઈ હતી અને મનમોહનસિંઘની સરકારના બાયલાપણાના લીધે આતંકીઓની હિમ્મત વધવાની સાથે કાશ્મીરમાં ૪૧ હજાર લોકોના મૃત્યુ થયા જેમાં સેના અને પોલીસના જવાનો શહીદ થયા હોવાનું જણાવ્યું હતું. સીએમ રૂપાણીએ આટલે ન અટકી સીધા રાહુલ ગાંધી પર કટાક્ષ કર્યો હતો,, પીએમ મોદી રજા લીધા વિના કામ કરે છે, અને રાહુલ ગાંધી ક્યાં જાય છે કોઈન ખબર નથી, માટે કોંગ્રેસના નેતાઓને શુ કરવું અને ક્યાં જવું ખબર નથી પડતી.

ગઈકાલે રામ મંદિર મુદ્દે સુપ્રીમ કોર્ટમાં ચાલી રહેલી સુનાવણી અંગે મુખ્યમંત્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, હવે તો રામ મંદિર અયોધ્યામાં ભવ્ય રામ મંદિર બને તે સ્વપ્ન હવે સાકાર થશે. આડકતરી રીતે સીએમ વિજય રૂપાણીએ રામ મંદિર મુદ્દે પોતાનું વલણ સ્પષ્ટ કરતા પોતાની વાત લોકો સમક્ષ રજૂ કરી હતી.

કોંગ્રેસના ગઢમાં ભાજપે આજે તમામ નેતાઓની ફોજ ઉતારીને કોંગ્રેસના ગઢમાં ગાબડુ પાડવાની રણનીતિ બનાવી દીધી છે, તો બીજી બાજુ કોંગ્રેસ પણ તેના તમામ નેતાઓને મેદાને ઉતારી બાયડ વિધાનસભા સીટને ફરી કબજે કરવા કવાયત તેજ કરી છે.

## ડીસા કોલેજ નજીક વાયરલ વીડિયો બાબતે ઝડપાયેલા યુવાનોના રિમાન્ડ

ડીસા
ડીસા કોલેજ કેમ્પસ નજીક સસ્તી પ્રસિદ્ધિ મેળવવા વિદ્યાર્થીનીઓની છેડતી કરતો વિડિયો સોસીયલ મીડિયામાં



વાયરલ થયેલ આ વિડિયોએ ડીસા પંથકમાં ભારે ચકચાર મચી હતી જે મામલે પીડિત યુવતીએ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી અને તપાસ દરમિયાન દક્ષિન પોલીસે ચાર યુવકોની ધરપકડ કરી હતી અને તેમની વિરુદ્ધ વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી આ ચારેય યુવકો ને રિમાન્ડ અર્થે કોર્ટ માં રજૂ કરતા કોર્ટે આ ચારેય યુવકો ને બે દિવસના રીમાન્ડ મંજુર કર્યા હતા જેમના રિમાન્ડ આજે શુક્રવારે પુરા થશે.

અત્રે ઉલ્લેખનીય છે કે હાલમાં મોબાઈલમાં આવતી ટિકટોક પબજી સહિતની અનેક એપ દ્વારા યુવાધન અભ્યાસની જગ્યાએ મોબાઈલના રવાડે ચડી ગયું છે અને સતત ઓન લાઈન રમાંતી આ ગેમો ના કારણે યુવાનો માનસિક સંતુલન ગુમાવી આક્રોશમાં આવી અવળા પગલાં ભરી જીવ પણ ગુમાવી રહ્યા છે ત્યારે ચિંતાજનક રીતે આજની યુવા પેઢીને લાગેલા આ મોબાઈલ વળગણથી છુટકારો અપાવવો અત્યન્ત જરુંરી હોય તેવું સ્પષ્ટ પણે લાગી રહ્યું છે જો આ બાબતને ગંભીરતાથી નહિ લેવામાં આવે તો આગામી સમયમાં કેટલાય આશાસ્પદ યુવાનો ગેરમાર્ગે દોરાઈ જીવન બરબાદ કરશે આ બાબતે સમાજના બુદ્ધિજીવીઓ આગળ આવે તે સમયનો તકાજો છે.

## પાલનપુર પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે હોમગાર્ડ જવાનોની કબડી અને રસ્સા ખેચ સ્પર્ધા યોજાઈ

પાલનપુર
પાલનપુર શહેરમાં હોમગાર્ડ તરીકે ફરજ બજાવતા જવાનોની પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે રમતની જુદી-જુદી સ્પર્ધા યોજવામાં આવી હતી.જેમાં ૫૦ ઉપરાતના હોમગાર્ડ જવાનોએ રમતમાં ભાગ લઈ પોતાનું કૈવત બતાવ્યુ હતુ.જે ટીમો વિજેતા થશે તે તેમને તાલુકા કક્ષારે રમત રમવા માટે મોકલવામાં આવશે.

બનાસકાંઠા જિલ્લામાં પોલીસ સાથે ખભે ખભો મીલાવી હોમગાર્ડ જવાનો રાત-દિવસ ફરજ બજાવે છે.જેથી તનાવ ભરી જીંદગીમાંથી બહાર આવે અને પોતાનામાં પડેલી શક્તોઓ બહાર આવે તે માટે હોમગાર્ડ જવાનો માટે રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યુ હતુ.જેમાં જિલ્લા કમાન્ડન્ટ રમેશભાઈ પંડ્યાની સુચના અને પાલનપુર ઓફીસર કમાન્ડન્ટ પ્રસાંતભાઈ ગૌસ્વામીના માર્ગદર્શન હેઠળ પાલનપુર પોલીસ પરેડ ગાઉન્ડ ખાતે કબ્બડી અને રસ્સા ખેચ રમતનું આયોજન કરવામાં આવ્યુ હતુ.જેમાં ૫૦થી વધુ હોમગાર્ડ જવાનોએ જુદી-જુદી રમતમાં ભાગ લઈ પોતાનું કૈવત બતાવ્યુ હતુ.

યુનિટ કક્ષાની રમતોમાં જે ટીમનો વિજય થશે તેમને તાલુકાના યુનિટોના હોમગાર્ડ જવાનો વચ્ચે રમતો રમાડવામાં આવશે.આ કાર્યક્રમમાં કંમ્પની કમાન્ડર પી.ડી.દરજી,સિનીયર પ્લાટુન કમાન્ડર મુસ્તાકભાઈ ચૌહાણ સહીત મોટી સંખ્યામાં હોમગાર્ડ જવાનો હાજર રહ્યા હતા.

## તલોદ માર્કેટયાર્ડમાં મગફળીના ૬૦૦ રૂપિયાથી વેપારીઓએ હરાજી કરતા ખેડૂતોનો હોબાળો

તલોદ, તા. ૧૭
અરવલ્લી-સાબરકાંઠા જીલ્લાના માર્કેટયાર્ડમાં મગફળીના શરૂઆતમાં માર્કેટયાર્ડમાં મગફળી વેચવા ખેડૂતોને મગફળીનો હરાજી ૬૦૦ રૂપિયાથી શરૂ થતા ખેડૂતોએ હોબાળો મચાવ્યો હતો. વેપારીઓએ ૬૦૦ રૂપિયાના ભાવે મગફળીની હરાજી શરુ કરતા ખેડૂતોને મગફળીના પોષણક્ષમ ભાવ મળવાની આશા ઠગારી



પોષણક્ષમ ભાવ મળી રહેતા ખેડૂતોમાં આનંદ છવાયો હતો. મગફળીની અવાક મોટા પ્રમાણમાં થતાની સાથે મગફળીના ભાવમાં કડાકો બોલતા ખેડૂતોમાં આક્રોશ પ્રવર્તી રહ્યો છે. ખેડૂતોએ વેપારીઓ અને માર્કેટયાર્ડના સત્તાધીશોની મીલીભગતના પગલે પોષણક્ષમ ભાવ ન મળતા હોવાનો આક્ષેપ અનેકવાર કરી ચુક્યા છે. સાબરકાંઠા જીલ્લાના તલોદ

મગફળીના ઉત્પાદનમાં ગુજરાત છેલ્લા એક દાયકાથી દેશમાં મોખરે રહ્યું છે. જો કે વધતા ઉત્પાદનને કારણે તેની કિંમત ઘટી છે અને ખેડૂતોને ઉત્પાદન ખર્ચ પણ પાછો મળતો નથી. તલોદ માર્કેટયાર્ડમાં ટ્રેક્ટર સહીત વિવિધ માલવાહક વાહનોમાં વહેલી સવારથી મગફળી ભરી પહોંચેલા ખેડૂતો મગફળીના સારા ભાવ મળી રહેવાની આશા માર્કેટયાર્ડના નીવડતા ખેડૂતોએ મગફળીની હરાજી પ્રતિ મણ-૧૦૦૦થી શરૂ કરવાની માંગ સાથે હોબાળો મચાવતા અને વેપારીઓ-ખેડૂતો વચ્ચે તું તું મૈં મૈં થતા વેપારીઓ હરાજી છોડીને ચાલ્યા જતા મગફળીનું વેચાણ અટકી પડ્યું હતું. ખેડૂતો મગફળીના પૂરતા ભાવ ન મળતા મગફળી પછી લઈ જવા મજબુર બનતા ખેડૂતોને માલવાહક વાહનોનું ભાડું પણ માથે પડ્યું હતું.

## ધાનેરાના કોટડા વિસ્તારમાં વીજ વાયર નીચે હોવાથી ઘાસ ભરેલી ગાડીમાં આગ ભભૂકી

### લેખિત અને મૌખિક જાણ કરવા છતાં વીજ અધિકારીઓ સાંભળતા નથી

ધાનેરામાં આવેલ કોટડા વિસ્તારમાં ઘાસ ભરેલી પીકઅપ ગાડી માં આગ લાગતાં લોકોમાં દોડધામ મચી જવા પામી હતી તો



બીજી તરફ વીજ વાયર નીચે હોવાના કારણે આગ લાગી હોવાનું કારણ સામે આવી છે

ધાનેરાના કોટડા વિસ્તારમાં આજે સવારના સમયે પિકઅપ ડાલા માં ઘાસ ભરીને જઈ રહ્યું હતું તે સમયે રસ્તા પરથી પસાર થતી વીજ લાઈન પિકઅપ ડાલા ને અડી જતા શોર્ટસર્કિટને સર્જાયું હતું અને જોતજોતામાં પિકઅપ ડાલા માં આગ ભભૂકી ઉઠી હતી ત્યારે પિકઅપ ડાલા ના ચાલકે સમયસૂચકતા દાખવી પિકઅપ ડાલા ને રહેણાક વિસ્તાર થી દૂર લઈ જઈ કે ખુલ્લી જગ્યામાં ઊભું કરી દીધું હતું ત્યાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું અને ઘાસ તેમજ ગાડી બળીને ખાખ થઈ જવા પામ્યું હતું સમગ્ર ઘટનાને લઈ લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા લોકો દ્વારા ધાનેરા નગરપાલિકાને જાણ કરાતા ધાનેરા નગરપાલિકાના પ્રમુખ યુસુફખાન પઠાણ સહિત ફાયરની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે આવી



પહોંચી હતી અને આગ પર કાબુ મેળવ્યો હતોતો બીજી તરફ ત્યાંના સ્થાનિક લોકોએ રોષ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે ધાનેરાના કોટડા વિસ્તારમાં વીજ વાયરો એકદમ નીચા છે પાંચ થી સાત ફૂટ જેટલા વીજ વાયરો ઊંચા હોવાથી સ્થાનિક લોકો દ્વારા ધાનેરા વિદ્યુતબોર્ડ ને વારંવાર રજૂઆત કરવામાં આવી છે છતાં પણ વિધુત બોર્ડ ના બૈરા અધિકારીઓ લોકોની વાત ન સાંભળતા આજે મોટું નુકસાન સર્જાયું છે.

લોકોએ વિધુત બોર્ડ પર આક્ષેપ કરતા જણાવ્યું કે રજૂઆત કરવામાં આવી છે છતાં પણ વિધુત બોર્ડ આ વાત સાંભળવા તૈયાર નથી ત્યારે અમારી ટીમ દ્વારા પણ આજુબાજુમાં જોવામાં આવ્યું તો વિજય એકદમ નીચા હતા અને વીજથાંભલા તેમજ વીજ ડીપી ઘાસ માં લપેટાયેલી જોવા મળી હતી ત્યારે હવે જોવાનું એ રહેશે કે વિદ્યુત બોર્ડના અધિકારીઓ જાગે છે કે પછી કોઈ મોટી એનાયત ની રાહ જુએ છે તે તો સમય જ બતાવશે.

## ખેડૂતો આનંદો : ધરોઈ અને હાથમતી ડેમનું પાણી સિંચાઈ માટે અપાશે

હિંમતનગર, તા. ૧૭
સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર, ઈડર, વડાલી, પ્રાંતિજ તથા ગાંધીનગર અને અમદાવાદ જિલ્લાના કેટલાક વિસ્તારોમાં આવેલ જમીનને કેનાલનુ પાણી વર્ષોથી અપાય છે. ત્યારે આ વર્ષે સાબરકાંઠામાં આવેલા ધરોઈ અને હાથમતી ડેમમાં પાણીનો સંતોષકારક જથ્થો સંગ્રહીત થયો છે ત્યારે ખેડૂતોને રવિસીઝન માટે ધરોઈમાંથી અને હાથમતી ડેમમાંથી પાણી પાક માટે આપવાનો નિર્ણય કરાયો છે.

આ અંગે હિંમતનગરના સિંચાઈ વિભાગના સુત્રોમાંથી મળતી માહિતી મુજબ હાથમતી જળાશય યોજનાના તાબામાં આવતા અ,બ,ક ઝોન તથા ધરોઈ ડાબા કાંઠા કેનાલમાંથી રવી સીઝન માટે ખેડૂતોને પાક માટે પાણી આપવાનો નિર્ણય કરાયો છે. જે અંતર્ગત સિંચાઈ પીયત મંડળીના ખેડૂત ખાતેદારોના તથા સલાહકાર સમિતિની તાજેતરમાં મળેલી મીટીંગમાં કાર્યપાલક ઈજનેર બી.એસ. ચૌધરી, નાયબ કાર્યપાલક ઈજનેર એમ.સી. પટેલ, આર.એચ. પટેલ તથા આર.વી. દાફડાની ઉપસ્થિતિમાં ધરોઈ ડેમમાંથી અને હાથમતી ડેમમાંથી પાણી અપાશે. જેના લીધે બંને ડેમના પાણી કેનાલો મારફતે જે ખેડૂતોને મળશે તેમને ફાયદો થશે. જો કે તેના માટે સિંચાઈ વિભાગે નક્કી કરેલ પીયાવો ખેડૂતોએ ભરવો પડશે.

ધરોઈ અને હાથમતી કેનાલમાંથી ખેડૂતોને રવિ સીઝન માટે પાણી મળવાનુ છે તેના કારણે ખેડૂતોને ખર્ચ પણ ઓછો કરવો પડશે તથા કેનાલ મારફતે ખેડૂતો જે પાકને પાણી આપશે તેના લીધે બોર કૂવા મારફતે ખેંચાતુ પાણી ઓછુ ખેંચાશે અને લગભગ ઉનાળા સુધી જમીનમાં પાણીના તળ સચવાઈ રહેવાની શક્યતા છે.



### ધાનેરામાં અજાણ્યા વાહનની અડફેટે કપિરાજનું મોત

ધાનેરા ના જુના બસ સ્ટેન્ડ નજીક અજાણ્યા વાહનની અડફેટે કપિરાજ નું મોત નિપજતા આજુબાજુથી લોકો દોડી આવ્યા હતા અને કપિરાજ અંતિમવિધી કરી હતી. ધાનેરાના જુના બસ સ્ટેન્ડ નજીક અને તાલુકા શાળા પાસે કોઈ અજાણ્યા વાહન ચાલકે એક કપિરાજ ને અડફેટે લીધા હતા જેમાં કપિરાજ ને ગંભીર ઈજાઓ પહોંચી હતી આજુબાજુથી વેપારીઓ તેમજ લોકો દોડી આવ્યા હતા અને કપિરાજ ને બચાવવા માટે ખૂબ જ મહેનત કરવામાં આવી હતી પરંતુ લોકોની મહેનત નિષ્ફળ ગઈ હતી અને આખરે કવિરાજ નું મોત નીપજયું હતું.

## દૂધ ઉત્પાદકોના પ્રશ્નો અંગે રેલી કાઢી આવેદનપત્ર અપાયુ

સાબરકાંઠા કિસાનસભાના નેજા હેઠળ ગુરૂવારે હિંમતનગરના પીપલોદી ખાતેથી કિસાનસભાના હોદ્દેદારો તથા દૂધ ઉત્પાદકોની હાજરીમાં રેલી કાઢીને સાબરડેરીના સત્તાવાળાઓને દૂધ ઉત્પાદકોના પ્રશ્નો સત્વરે ઉકેલવા માટેલેખિત રજુઆત કરી હતી. આ અંગે સાબરકાંઠા જિલ્લા કિસાનસભાના અગ્રણીઓએ કરેલી લેખિત રજુઆતમાં જણાવ્યા મુજબ વર્ષ ૨૦૧૭-૧૮માં દૂધ ઉત્પાદકોને જે ભાવફેર ચૂકવાયો છે તે સાબરડેરીએ આ નફાનુ ધોરણ ઘટાડીને તેનો વધુ લાભ દૂધ ઉત્પાદકોને આપવો જોઈએ.

ઉપરાંત દૂધ મંડળીના કર્મચારીઓને સાબરડેરીના કર્મચારી ગણવા જોઈએ અને સાબરડેરીના કર્મચારીઓની જેમ દર મહીને પગાર ચુકવવો જોઈએ સાથોસાથ સરકારે રજીસ્ટર કરેલ દૂધ મંડળીઓને સંઘના સભાસદ બનાવવા જોઈએ.